સચિવાલયના વિભાગો/ વિધાનસભા સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ માટે આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓ બાબત વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક – અવસ-૧૦૨૦૧૯-૨૦૨૪-કલ્યાણ,

સચિવાલય, ગાંધીનગર
તારીખ ૦૧- ૦૪-૨૦૧૯

## પરિપત્ર

સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા દર વર્ષે આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. તે મુજબ દરેક નાણાકીય વર્ષ દરમિયાન સચિવાલયના વિભાગોમાં તેમજ ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે પરિશિષ્ટ-૧માં જણાવેલ ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડીની સાંઘિક રમતો તેમજ બેડમિન્ટન, ટેનીસ, ટેબલ ટેનીસ, ચેસ, કેરમ, તરણ, એથ્લેટીકસ, ગીત-સંગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને વિકલાંગો માટેની (એથ્લેટીકસ) આંતર વિભાગીય સ્પર્ધા જેવી વિવિધ આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. **ચાલુ વર્ષથી આ સ્પર્ધાઓમાં પુરૂષ ખેલાડીઓ માટે બાસ્કેટ બોલ, ટેનીસ સ્પર્ધામાં મહિલા ખેલાડીઓ માટે મહિલા સીંગલ્સ, મહિલા ડબલ્સ તેમજ મિક્સ ડબલ્સ સ્પર્ધા તેમજ એથ્લેટીકસ સ્પર્ધામાં ૧૦૦X૪ રીલે દોડનું આયોજન કરવામાં આવશે.**

**આ સ્પર્ધામાં ભાગ લેવા માટેની પાત્રતા અને સામાન્ય નિયમો નીચે મુજબના રહેશે.**

**૧. સચિવાલય આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓમાં નીચે દર્શાવેલ અધિકારીઓ/કર્મચારીઓ ભાગ લઈ શકશે.**

(૧) સચિવાલય સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓ તથા ગુજરાત વિધાનસભા સચિવાલય સંવર્ગની મંજુર થયેલ જગ્યાઓ ઉપર સીધી ભરતી, બઢતી કે સ્નાતક બઢતીથી નિમણુંક ધરાવતા/ ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(૨) સચિવાલય સંવર્ગના કર્મચારીઓ કે જેઓ તેમના વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીમાં, કોઈ પણ બોર્ડ/કોર્પોરેશનમાં કે અન્ય કોઈ સરકારી સંસ્થાઓમાં ફરજ બજાવતા હોય તેવા અધિકારી/ કર્મચારી આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(૩) સચિવાલય સંવર્ગના જે અધિકારીઓ/કર્મચારીઓ તેમના મૂળ વિભાગમાંથી મંત્રીમંડળના મહેકમ ઉપર પ્રતિનિયુકિતના ધોરણે ગયા હશે તેઓ તેમના મંત્રીશ્રી હસ્તકના વિભાગો પૈકી કોઈ પણ એક પસંદગીના વિભાગમાંથી જે તે સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(૪) સચિવાલય ખાતે ફરજ બજાવતા હોય તેવા અખિલ ભારતીય મુલ્કી સેવાના અધિકારીઓ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૫) મંત્રીમંડળના મહેકમ પર સીધી ભરતીથી નિમણુંક પામેલ અધિકારીઓ/કર્મચારીઓ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે. પરંતુ તેઓ સંબંધિત મંત્રીશ્રીના હસ્તકના વિભાગો પૈકીના કોઇ પણ એક પસંદગીના વિભાગમાંથી સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૨) **આ સ્પર્ધાના સામાન્ય નિયમો નીચે મુજબના રહેશે.**

(૧) આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધામાં યોજાનાર રમત/ સ્પર્ધાની યાદી આ સાથે પરિશિષ્ટ-૧માં સામેલ છે. તે અંગેના નિયમો એન્ટ્રી ભરનાર અધિકારી/કર્મચારીઓએ કલ્યાણ શાખામાંથી રમતની શરુઆત પહેલા મેળવી લેવાના રહેશે.

(૨) સ્પર્ધામાં ભાગ લેવા માટે વ્યકિતગત ઈવેન્ટ દીઠ રૂ. ૫૦/-પ્રવેશ ફી લેવામાં આવશે. આ પ્રવેશ ફી જે તે અધિકારી/કર્મચારીએ પોતે એન્ટ્રી માટે નિયત કરેલ તારીખ સુધીમાં ભરવાની રહેશે. વિકલાંગો માટેની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને ફીમાંથી મુકિત આપવામાં આવે છે.

(૩) સાંઘિક સ્પર્ધા માટે વિભાગની ટીમના મેનેજરે પ્રત્યેક ખેલાડી દીઠ (મેનેજર સહિત) રૂ. ૫૦/- લેખે પ્રવેશ ફી સાથે વિભાગના નામની એન્ટ્રી સાથે નિયત કરેલ તારીખ સુધીમાં મોકલી આપવાની રહેશે. તે ઉપરાંત વિભાગે પસંદગી કરીને ક્રિકેટની ટીમ, કેપ્ટન અને મેનેજર સહિત કુલ -૧૭ સભ્યો, વોલીબોલ ટીમ માટે મેનેજર સહિત કુલ -૧૦ સભ્યો, **બાસ્કેટબોલ ટીમ માટે મેનેજર સહિત કુલ -૧૦ સભ્યો** તથા કબડ્ડી ટીમ માટે મેનેજર સહિત કુલ -૧૦ સભ્યોના નામ સંબંધિત રમતના ડ્રો અગાઉ કલ્યાણ શાખાને પહોંચાડવાના રહેશે. સંબંધિત રમતના ડ્રો સમયે ખેલાડી જે વિભાગમાં ફરજ બજાવતા હોય તે વિભાગ તરફથી જ રમી શકશે. દરેક વિભાગ સાંઘિક રમતો જેવી કે ક્રિકેટ, વોલીબોલ, બાસ્કેટબોલ, કબડ્ડી તથા ૧૦૦ X ૪ રીલે દોડની સ્પર્ધા માટે એક જ એન્ટ્રી ભરી શકશે.

(૪) સાંઘિક રમતો અને વ્યકિતગત રમત અંગેની સ્પર્ધા માટે ખેલાડીઓએ વિભાગના મહેકમ અધિકારીના સહી- સિક્કા સાથેની પ્રત્યેક રમતની ઈવેન્ટ દીઠ એન્ટ્રી ફી રૂ.૫૦/- સાથે પ્રત્યેક રમતની ઈવેન્ટ માટે અલગ અલગ અરજી, ઠરાવેલ એન્ટ્રી ફી આપવાની રહેશે જે પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૫) પ્રત્યેક સ્પર્ધાના ડ્રો અને સીડીંગ જે તે સ્પર્ધાના પ્રવર્તમાન નિયમાનુસાર રહેશે.

(૬) એન્ટ્રી નિયત નમુનામાં આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખાને **તારીખ: ૦૫-૦૬-૨૦૧૯** સુધીમાં પહોંચાડવાની રહેશે. નિયત સમયમર્યાદામાં નહીં આવેલ તથા અધુરી માહિતી વાળા એન્ટ્રી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. સ્પર્ધામાં ભાગ લેનાર કર્મચારીઓને સ્પર્ધાના દિવસોએ ખાસ કિસ્સામાં ફરજ પર હાજર ગણવાના રહેશે. પરંતુ જાહેર રજાના દિવસે જો સ્પર્ધા યોજાશે તો તે માટે વળતર રજા મળવાપાત્ર થશે નહીં.

(૭) કોઇ પણ કર્મચારી વધુમાં વધુ ત્રણ સાંઘિક અને ચાર વ્યકિતગત સ્પર્ધામાં ભાગ લઇ શકશે.

(૮) વ્યકિતગત સ્પર્ધા/ઈવેન્ટ યોજવા માટે ઓછામાં ઓછા ૭(સાત) ખેલાડીઓ/સ્પર્ધકોના પ્રવેશપત્રો આવશ્યક છે. તેમ જ સ્પર્ધાના સમયે પણ ઓછામાં

ઓછા ૫(પાંચ) ખેલાડીઓ/સ્પર્ધકો હાજર હશે તો જ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. સાંઘિક સ્પર્ધા યોજવા માટે ઓછામાં ઓછા ૫ (પાંચ) પ્રવેશ પત્રો આવશ્યક છે. તેમજ સ્પર્ધા સમયે ઓછામાં ઓછી ૪(ચાર) ટીમો ભાગ લેશે તો જ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. પ્રવેશપત્ર ભર્યા બાદ ખેલાડી સ્પર્ધા સમયે હાજર ન રહે કે સ્પર્ધા પુરી થાય ત્યાં સુધી સક્રિય રીતે ભાગ ન લે તેવું સતત બે વર્ષ માટે બનવા પામે તો તેવા ખેલાડી તે પછીની ભવિષ્યની સ્પર્ધા માટે ગેરલાયક ગણાશે. પરંતુ ખાસ કિસ્સામાં વિશિષ્ટ સંજોગોને ધ્યાને લઇને અધ્યક્ષશ્રી, સચિવાલય કલ્યાણ સમિતિ સ્પર્ધામાંથી ગેરહાજર રહેવા માટે છુટછાટ આપી શકશે.

(૯) દરેક ડબલ્સ અને મિક્ષ ડબલ્સ ની ઈવેન્ટ માટે પ્રવેશપત્ર આપતી વખતે પાર્ટનરનું નામ અચુક આપવાનું રહેશે. પરંતુ જે તે રમતના ડ્રોના સમયે ખાસ સંજોગોમાં જેમ કે પાર્ટનરનું નિવૃત્ત થવું કે અવસાન થવું, રાજીનામું આપવું તેવા સંજોગોમાં અન્ય ફી ભરેલ કર્મચારીનું નામ પાર્ટનર તરીકે બદલી શકાશે. ડબલ્સ અને મિક્ષ ડબલ્સ ની ઈવેન્ટ ના આયોજન સમયે તમામ જોડીના ખેલાડીઓએ અચુક હાજર રહેવું જોઇશે.

(૧૦) આ સ્પર્ધામાં ઈજા થવા અંગેની કોઇ પણ જવાબદારી સચિવાલય કલ્યાણ સમિતિની રહેશે નહીં.

(૧૧) જો અધિકારી/કર્મચારી સચિવાલયના વિભાગની બહાર પ્રતિનિયુકિત ઉપર હોય તો તે અંગેના હુકમની નકલ બીડવાની રહેશે.

(૧૨) દરેક સ્પર્ધા દરમિયાન નિયત ગણવેશની વ્યવસ્થા ખેલાડીએ પોતાની રીતે જ કરવાની રહેશે.

(૧૩) સ્પર્ધાના આયોજનના નિયત સમયે અને નિયત ડ્રો પ્રમાણે ખેલાડી/ટીમે રમવાનું રહેશે. અન્યથા પ્રતિસ્પર્ધી ખેલાડી/ટીમને વોક ઓવર આપવામાં આવશે. આ અંગે કોઈ પણ પ્રકારનું દબાણ લાવવામાં આવશે તો તે બાબત તે ખેલાડી / ટીમની ગેરલાયકાત ગણાશે.

(૧૪) કલ્યાણ શાખા દ્વારા સ્પર્ધાનું આયોજન જે સમય દરમ્યાન કરવામાં આવે તેમાં સામાન્ય સંજોગોમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવશે નહીં.

**(૧૫) આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધામાં સાંઘિક સ્પર્ધાઓ તેમજ વ્યક્તિગત સ્પર્ધાઓમાં ૯(નવ) કે તેથી વધુ અરજીઓ આવેલ હોય તેમજ સ્પર્ધા દરમિયાન ૭(સાત) કે તેથી વધુ ખેલાડી હાજર રહેલ હોય તો ઈનામમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન આપવામાં આવશે. અન્યથા ફક્ત વિજેતા અને ઉપવિજેતા એમ બે સ્થાન જ આપવામાં આવશે.**

(૧૬) સ્પર્ધા માટેના પ્રવેશપત્રનો નમુનો અને સૂચિત કાર્યક્રમ આ સાથે સામેલ છે. આ કાર્યક્રમમાં સચિવાલય કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી જરૂર જણાયે ઉચિત ફેરફાર કરી શકશે.

દરેક ખેલાડી ખેલદિલીપૂર્વક રમે અને તેની કાર્યદક્ષતામાં વધારો થાય તે હેતુસર તથા કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને આ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તેથી દરેક ખેલાડી ખેલદિલીપૂર્વક રમશે તેવી આશા રાખવામાં આવે છે. સ્પર્ધાઓમાં નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. આમ છતાં આ નિર્ણય સામે વિરોધ દર્શાવી કોઇ કર્મચારી / અધિકારી દ્વારા અણછાજતું વર્તન કરવામાં આવશે કે ગેરશિસ્ત આચરવામાં આવશે તો તેવા કિસ્સામાં જે તે ખેલાડીને સ્પર્ધા માટે ગેરલાયક ઠરાવી તેની સામે શિસ્ત અને વર્તણૂંકના પ્રવર્તમાન નિયમાનુસાર શિસ્તભંગની કાર્યવાહી માટે સંબધિત વહિવટી વિભાગ/ ખાતાને જણાવવામાં

અવશે. તેમજ કલ્યાણ સમિતિ દ્વારા ભવિષ્યની સ્પર્ધા માટે ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી કરવામાં આવશે. આ જ પ્રમાણે આયોજકો સામે પણ ગેરશિસ્તભર્યુ વર્તન કરવા બદલ જે તે ખેલાડી સામે ઉપર સૂચવ્યા અનુસારની કાર્યવાહી હાથ ધરી શકાશે.

તમામ સ્પર્ધાઓ જે તે રમતના એસોસિએશન / ફેડરેશન દ્વારા માન્ય કરાએલ પ્રવર્તમાન નિયમાનુસાર યોજવામાં આવશે. તેમજ સ્પર્ધાના નિયમોનું અર્થઘટન તથા આખરી નિર્ણય સચિવાલય કલ્યાણ સમિતિના અધ્યક્ષશ્રી હસ્તક રહેશે.

આંતર વિભાગીય રમતગમત સ્પર્ધામાં યોજાનાર રમત/સ્પર્ધાની યાદી પરિશિષ્ટ— ૧, વ્યકિતગત સ્પર્ધા માટેના પ્રવેશપત્રનો નમુનો પરિશિષ્ટ— ૨ અને સાંઘિક સ્પર્ધા માટેના પ્રવેશપત્રનો નમુનો પરિશિષ્ટ— ૩ આ સાથે સામેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રાજેશ એચ. ઠક્કર )
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વ મંત્રીશ્રીઓ /રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- સચિવાલયના સર્વ વિભાગો ( પાંચ નકલ) વિભાગના તમામ અધિકારીઓ/ કર્મચારીઓને તથા આપના વહિવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓને જાણ કરવાની વિનંતી સહ.
- સર્વે ખાતાના વડાઓ આપના ખાતાના તમામ અધિકારીઓ/ કર્મચારીઓને જાણ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.

X પત્ર દ્વારા.

## પરિશિષ્ટ— ૧

**આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધામાં યોજાનાર રમત/સ્પર્ધાની યાદી**

| ક્રમાંક | રમત/સ્પર્ધાનું નામ | વિગતવાર ઈવેન્ટનું નામ |
|---|---|---|
| ૧ | ક્રિકેટ | |
| ૨ | કબડ્ડી | |
| ૩ | વોલીબોલ | |
| ૪ | બાસ્કેટબોલ | |
| ૫ | એથ્લેટિક્સ | પુરૂષ વિભાગ<br>૧. ૧૦૦ મીટર દોડ<br>૨. ૨૦૦ મીટર દોડ<br>૩. ૪૦૦ મીટર દોડ<br>૪. ૮૦૦ મીટર દોડ<br>**૫. ૧૦૦ X ૪ રીલે દોડ**<br>૬. ગોળાફેંક<br>૭. હથોડા ફેંક<br>૮. લાંબીકુદ<br>૯. ઊંચીકુદ<br>૧૦. ચક્રફેંક<br>૧૧. બરછી ફેંક<br><br>મહિલા વિભાગ<br>૧. ૧૦૦ મીટર દોડ<br>૨. ૨૦૦ મીટર દોડ<br>૩. ગોળાફેંક<br>૪. લાંબીકુદ<br>**૫. ૧૦૦ X ૪ રીલે દોડ**<br>૬. ચક્રફેંક<br>૭. બરછીફેંક<br><br>**( ૧૦૦ X ૪ રીલે દોડમાં જે-તે વિભાગના જ પુરૂષ કે મહિલા ખેલાડીઓ ભાગ લઇ શકશે)** |
| ૬ | બેડમિન્ટન | ૧. પુરૂષ વિભાગની સિંગલ્સ/ ડબલ્સ સ્પર્ધા<br>૨. મહિલા વિભાગની સિંગલ્સ/ ડબલ્સ સ્પર્ધા<br>૩. મિક્સ ડબલ્સ |
| ૭ | કેરમ | ૧. પુરૂષ વિભાગની સિંગલ્સ/ ડબલ્સ સ્પર્ધા<br>૨. મહિલા વિભાગની સિંગલ્સ/ ડબલ્સ સ્પર્ધા |
| ૮ | ચેસ | ૧. ચેસ (સામાન્ય)<br>૨. રેપિડ( ૧૫-૧૫ મિનિટ) |
| ૯ | વક્તૃત્વ સ્પર્ધા | ૧. હેટ સ્પીચ (શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા) ૩ મિનિટ<br>૨. સેટ સ્પીચ ૭ મિનિટ |
| ૧૦ | વિકલાંગ ભાઈઓની સ્પર્ધા | સ્ટેન્ડિંગ ગ્રુપ<br>**૧. ગોળા ફેંક**<br>**૨. ચક્રફેંક**<br>**૩ બરછીફેંક**<br><br>સીટીંગ ગ્રુપ<br>**૧. ગોળા ફેંક**<br>**૨. ચક્રફેંક**<br>**૩. બરછીફેંક** |
| ૧૧ | ગીત અને સંગીત સ્પર્ધા | ૧. કંઠ્ય સંગીત (સુગમ) ૫ મિનિટ<br>૨. લોકગીત ૫ મિનિટ<br>૩. ગેરફિલ્મી હિંદી ગઝલ ૫ મિનિટ<br>૪ ગુજરાતી ભજન ૫ મિનિટ |
| ૧૨ | તરણ | પુરૂષ વિભાગ<br>૧. ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ<br>૨. ૫૦ મીટર બેકસ્ટ્રોક<br>૩. ૫૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક<br>૪ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ |
| ૧૩ | ટેબલ ટેનિસ | ૧. પુરૂષ વિભાગની સિંગલ્સ/ ડબલ્સ સ્પર્ધા<br>૨. મહિલા વિભાગની સિંગલ્સ/ ડબલ્સ સ્પર્ધા<br>૩. મિક્સ ડબલ્સ |
| ૧૪ | ટેનિસ | પુરૂષ વિભાગ<br>૧. સિંગલ્સ સ્પર્ધા<br>૨. ડબલ્સ સ્પર્ધા<br><br>**મહિલા વિભાગ**<br>**૧. સિંગલ્સ સ્પર્ધા**<br>**૨. ડબલ્સ સ્પર્ધા**<br><br>**મિક્સ**<br>**૧. મિક્સ ડબલ્સ સ્પર્ધા** |

## પરિશિષ્ટ— ૨

**આંતર વિભાગીય સ્પર્ધાઓ પૈકી વ્યક્તિગત ધોરણે યોજાનાર બેડમિન્ટન/ ટેબલ ટેનિસ / ચેસ/ કેરમ/ વિકલાંગ સ્પર્ધા/તરણ/ ટેનિસ/ એથ્લેટિક્સ/વક્તૃત્વ સ્પર્ધા/ગીત સંગીત સ્પર્ધા માટેનું પ્રવેશપત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧ | સરકારી અધિકારી/ કર્મચારીનું નામ | : | |
| ૨ | હોદ્દો | : | |
| ૩ | હાલમાં ફરજ બજાવતાં હોય તે વિભાગનું નામ | : | |
| ૪ | વિભાગનું સરનામું | : | |
| ૫ | ફોન નંબર | : | |
| ૬ | મોબાઈલ નંબર | : | |
| ૭ | જે રમતની સ્પર્ધા/ઈવેન્ટમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા હોય તેનું નામ | : | |
| ૮ | ડબલ્સ, મિક્સ ડબલ્સ ઈવેન્ટ માટે પાર્ટનરનું નામ | : | |

તારીખ— અરજદારની સહી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ કર્મચારી માન્ય ભરતી પધ્ધતીથી નિમણુંક ધરાવે છે.

**(જે તે વિભાગ / ખાતાના વડા મહેકમ અધિકારીની સહી તથા સિક્કો)**

**નોંધ— ૧. દરેક ઈવેન્ટ માટે અલગ પ્રવેશપત્ર તથા ઈવેન્ટદીઠ રૂ.૫૦/— પ્રવેશ ફી ભરવાની રહેશે.**

**૨. જો કર્મચારી/ અધિકારી સચિવાલયના વિભાગની બહાર પ્રતિનિયુક્તિ ઉપર હોય તો તે હુકમની નકલ બીડવાની રહેશે.**

**3. જો અધિકારી/કર્મચારીની ફોર્મ ભર્યા પછી બદલી થાય તો કલ્યાણ શાખામાં તેની જાણ અચુક કરવી.**

**ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ— ૦૫/૦૬/૨૦૧૯**

## પરિશિષ્ટ— ૩

## આંતર વિભાગીય ક્રિકેટ/ વોલીબોલ/બાસ્કેટબોલ/ કબડ્ડી/૧૦૦ × ૪ રીલે દોડ સ્પર્ધા

## ૨૦૧૯–૨૦ માટેનું પ્રવેશપત્ર

સચિવાલય વહિવટી વિભાગનું નામ–

| ક્રમ | અધિકારી / કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | (કેપ્ટન) | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |
| ૧૨ | | |
| ૧૩ | | |
| ૧૪ | | |
| ૧૫ | | |
| ૧૬ | | |
| ૧૭ | (મેનેજર) | |

તારીખ–

અરજદારની સહી–

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ કર્મચારી માન્ય ભરતી પધ્ધતીથી નિમણુંક ધરાવે છે.

| | | |
|---|---|---|
| ૧ | વિભાગની મહેકમ શાખાનો ફોન નંબર: | |
| ૨ | ટીમના કેપ્ટનનો ફોન નંબર: | |
| ૩ | ટીમના મેનેજરનો ફોન નંબર: | |

**(જે તે વિભાગ / ખાતાના વડા મહેકમ અધિકારીની સહી તથા સિક્કો)**

| |
|---|
| **ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ– ૦૫/૦૬/૨૦૧૯** |

**સચિવાલય કલ્યાણ સમિતિ આયોજિત આંતર વિભાગીય સ્પર્ધાનો સૂચિત કાર્યક્રમ**
**૨૦૧૯-૨૦**

| ક્રમ | રમત/સ્પર્ધાનું નામ | સ્થળ | સ્પર્ધાઓની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | બેડમિન્ટન | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | તા. ૦૩-૦૯-૨૦૧૯ (મંગળવાર) અને તા. ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર) |
| ૨ | તરણ | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | તા. ૧૦-૦૯-૨૦૧૯ (મંગળવાર) |
| ૩ | ચેસ | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | તા.૨૩-૦૯-૨૦૧૯ (સોમવાર) થી તા. ૨૫-૦૯-૨૦૧૯ (બુધવાર) |
| ૪ | ટેબલ ટેનિસ | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | તા. ૩૦-૦૯-૨૦૧૯ (સોમવાર) |
| ૫ | કેરમ | રીક્રીએશન હોલ બ્લોક નં-૧૦ સચિવાલય, ગાંધીનગર | તા.૧૦-૧૦-૨૦૧૯ (ગુરૂવાર) થી તા.૧૨-૧૦-૨૦૧૯ (શનિવાર) |
| ૬ | એથ્લેટિક્સ | સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા સેક્ટર-૧૫ ગાંધીનગર. | તા. ૨૨-૧૦-૨૦૧૯ (મંગળવાર) |
| ૭ | વોલીબોલ | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | તા. ૦૪-૧૧-૨૦૧૯ (સોમવાર) અને તા. ૦૫-૧૧-૨૦૧૯ (મંગળવાર) |
| ૮ | ટેનિસ | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | તા.૧૫-૧૧-૨૦૧૯ (શુક્રવાર) |
| ૯ | ક્રિકેટ | સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર. | હવે પછી જાહેર કરવામાં આવશે |
| ૧૦ | કબડ્ડી | સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા સેક્ટર-૧૫, ગાંધીનગર. | હવે પછી જાહેર કરવામાં આવશે |
| **૧૧** | **બાસ્કેટબોલ** | **સચિવાલય જિમખાના સેક્ટર-૨૧, ગાંધીનગર.** | **હવે પછી જાહેર કરવામાં આવશે** |
| ૧૨ | વક્તૃત્વ સ્પર્ધા / ગીત અને સંગીત સ્પર્ધા | સચિવાલય ઓડીટોરીયમ, બ્લોક નં-૧/૯, સચિવાલય, ગાંધીનગર. | હવે પછી જાહેર કરવામાં આવશે |
| ૧૩ | વિકલાંગ ભાઇઓની સ્પર્ધા | સચિવાલય કેમ્પસ, ગાંધીનગર | હવે પછી જાહેર કરવામાં આવશે |